**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૨/૩/૨૦૧૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૩૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૨૦૩ લીટર દેશી દારૂ, ૨૯૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૪ બિયર ટીન અને ૩ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૩૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૪૩૬/૧૫**

**ઓઢવ :** નંદાબહેન ભરતભાઇ મલહારરાવ (ઉ.વ.૧૭)(રહે.ક્રિષ્ણાનગર સોસાયટી, વિભાગ-૨, દિપાલીનગર સોસાયટીની સામે, ઓઢવ) ને તા.૧/૩/૧૫ સવારનાં ૯/૦૦ વાગ્યાના સુમારે પાડોશમાં રહેતો આરોપી હાર્દિક જીતેન્દ્રભાઇ પંચાલ ઘર નજીકથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ નંદાબહેનની માતા રેવતીબહેને ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ઓઢવ પો.સ્ટે.નાઓ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૪૩૭/૧૫**

**નવરંગપુરા :** હર્ષદભાઇ પરષોત્તમદાસ પરીખ (રહે.સૌમ્ય ફ્લેટ, નવરંગ સ્કુલ પાસે, સી.પી.ચેમ્બર્સ સામે, નવરંગપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૩/૧૫ બપોરના ૩/૧૫ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી ૩૦ વર્ષના આશરાનો અજાણ્યો પુરૂષ ઘરમાં પ્રવેશ કરી (૧) સોનાની બંગડી નંગ-૨ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/-, (૨) હિરાનાં પેંડલવાળી ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- (૩) સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- (૪) સોનાનો ચુડો કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- (૫) હિરાની વીંટી કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- (૬) સોનાની લાલ મીનાવાળી બંગડી નંગ-૨ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- (૭) સોનાનું બ્રેસલેટ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- (૮) હિરાનું મંગળસુત્ર નંગ-૨ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- (૯) સોનાનો સેટ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- (૧૦) સોનાની બુટ્ટી નંગ-૨ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- (૧૧) સોનાની ચેઇન નંગ-૪ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- (૧૨) ચાંદીના સિક્કા નંગ-૭ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૨,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એસ.રાઠવા ચલાવે છે.

**ઇસનપુર :** જયકિશનરાય હર્ષદરાય શેઠ (રહે.ઇલાક્ષ ફ્લેટ, ગુરૂજી બ્રીજ નીચે, ઘોડાસર ઇસનપુર) એ તા.૧/૩/૧૫ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૮/૨/૧૫ રાતના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.

<u>**ચોરી :-**</u> **<u>સમાચાર યાદી નં.૪૩૮/૧૫</u>**

**સાબરમતી :** બીરેનભાઇ દિપકભાઇ શાહ (ઉ.વ.૪૧)(રહે.ચીન્તામણી સોસાયટી, હાઇ-વે રોડ, સાબરમતી) તા.૨૮/૨/૧૫ સાંજનાં ૬/૨૫ થી સાંજનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન કાલુપુર રેલવે સ્ટેશનથી સાબરમતી એચેર ચાર રસ્તા શટલ ઓટોરીક્ષામાં આવ્યા હતા. દરમ્યાન રીક્ષા ચાલક અને રીક્ષામાં બેસેલ ત્રણ અજાણ્યા ઇસમોએ બીરેનભાઇની નજર ચુકવી તેમનાં પર્સમાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- ની ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ બીરેનભાઇ શાહે તા.૧/૩/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.છાસીયા ચલાવે છે.

**વસ્ત્રાપુર :** રાજેશ મનસુખલાલ ઠક્કર (રહે, સુખ ટાવર, નારણપુરા) એ તા.૧/૩/૧૫ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૨/૧૫ રાતનાં ૧૦/૩૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર અંધજન મંડળ, આઇ.આઇ.એમ.ચાર રસ્તા, હનુમાનજીના મંદીર પાસે પાર્ક કરેલ પોતાની સ્વીફ્ટ ડીઝાયર કારનાં ડાબી સાઈડનાં દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી એચ.પી.કંપની નું લેપટોપ તથા રોકડ રૂપીયા ૧,૫૦,૦૦૦/- તથા અન્ય વસ્તુઓની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી મંગળભાઈ સોમાભાઈ ચલાવે છે.

<u>**અપમૃત્યુઃ-**</u> **<u>સમાચાર યાદી નં.૪૩૯/૧૫</u>**

**ઓઢવ :** અરવિંદસિંહ છત્રસિંહ પટેલ (ઉ.વ.૪૪) કઠવાડા રોડ, દાસ્તાન સર્કલ સામે, મેલડી માતાના મંદિર પાછળ, ઔડાના આવાસ યોજનાના નવા બનતાં મકાનમાં રહી ત્યાંજ કામ કરતાં હતા ત્યારે તા.૨૮/૨/૧૫ બપોરનાં ૪/૦૦ વાગ્યાના સુમારે ત્રીજા માળનાં ધાબા ઉપર સેંટીંગનાં થાંભલા લગાવતાં હતા ત્યારે અકસ્માતે ત્રીજામાળેથી પટકાઇ ગયા હતા. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન સાંજનાં ૬/૪૦ વાગ્યાના સુમારે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિપસિંહ ઉદાજી ચલાવે છે.

<u>**પાણીની ટાંકીમાં પડી જતાં મૃત્યુઃ-**</u> **<u>સમાચાર યાદી નં.૪૪૦/૧૫</u>**

**શહેરકોટડા :** અરવિંદભાઇ કાનજીભાઇ પટેલ (ઉ.વ.૫૦)(રહે.શાળ ખાતામાં, શેડ નંબર-૩૫ પરમેશ્વર એસ્ટેટ, શહેરકોટડા) તા.૦૧/૩/૧૫ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે કારખાનામાં આવેલ અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીમાંથી અરવિંદભાઇ મૃત હાલતમાં મળી આવતાં શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી.ચંદુભાઇ સુરજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.